ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૧૩૫

કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : જાન્યુઆરી-૨૦૨૦ થી દર માસના દિન વિશેષની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : માનનીય મંત્રીશ્રી, શિક્ષણની સૂચનાનુસાર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માન. મંત્રીશ્રી, શિક્ષણની સૂચનાનુસાર જાન્યુઆરી-૨૦૨૦ થી દિન વિશેષની ઉજવણી તમામ શાળાઓમાં થાય તેવું સુચારૂ આયોજન કરવાનું રહે છે. આ માટે શાળાના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે રીતે પ્રાર્થના સભામાં દરેક વિદ્યાર્થીઓ દિન વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરિચિત થાય, મહાનુભાવોના જીવનકાર્ય તેમજ વિચારોથી પરિચિત થાય અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે તે ઈચ્છનીય છે. આ માટે દિન વિશેષની ઉજવણી અંતર્ગત શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા, શિક્ષક દ્વારા કે મહાનુભાવ દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ કે વક્તવ્યનું પ્રાથનાસભામાં વધુમાં વધુ ૧૦ મિનિટ માટે આયોજન તથા અમલીકરણ કરવામાં આવે તે અંગે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની શાળાઓને જરૂરી સૂચન આપવા જણાવવામાં આવે છે. આ સાથે જાન્યુઆરી માસની દિન વિશેષની વિગત સામેલ છે.

આગામી તા.૧૨ જાન્યુઆરી રવિવારના રોજ જાહેર રજા હોઈ તા.૧૧ જાન્યુઆરી શનિવારના રોજ સ્વામી વિવેકાનંદ જયંતી "રાષ્ટ્રીય યુવા દિન" ની ઉજવણી કરવાની રહેશે. જેમાં પ્રાસંગિક, વક્તૃત્વ સ્પર્ધા, વાંચન, લેખન, સ્વામી વેવેકાનંદ શિકાગો પ્રવચન, ધો.૬ થી ૮ માં પ્રશ્નોત્તરી, તેમના જીવન કવન અંગેની પ્રવૃત્તિઓ તેમજ તા.૧૫ જાન્યુઆરી બુધવારના રોજ ભારતીય સેના દિવસ, તા.૨૩ જાન્યુઆરી ગૂરૂવારના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી, તા.૨૬ જાન્યુઆરી રવિવારના રોજ પ્રજાસત્તાક દિન, તા.૩૦ જાન્યુઆરી શુક્રવાર "શહીદ દિન" "મહાત્મા ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે વિવિધ શહીદો, શ્યામજી કૃષ્ણ વર્મા, રામ પ્રસાદ બિસ્મિલ, શહીદ ભગતસિંઘ, બિપિનચંદ્ર પાલ, લાલા લાજપતરાય, ચંદ્રશેખર આઝાદ, શહીદ વીર વિનોદ કિનારીવાલા તથા અન્ય શહીદોના સ્મરણ અર્થે શહીદ દિનની ઉજવણી કરવી.

દિન વિશેષની ઉજવણી અન્વયેની વિગતો (અહેવાલ,ફોટોગ્રાફ્સ સહિત) માસના અંતે આ મુજબના પત્રકમાં ssmadhyamik3@gmail.com પર મોકલી આપવાની રહેશે.

| ક્રમ | દિન વિશેષ ઉજવણી અંતર્ગતના કાર્યક્રમ | કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | | | | |



Scanned by CamScanner

વધુમાં, ઉક્ત વિગતે દિન વિશેષની ઉજવણી માટે આપની કચેરી કક્ષાએથી એક નોડલ અધિકારીની નિમણૂંક કરી તે અંગેની વિગત દિન-૨ માં ssmadhyamik3@gmail.com પર મોકલી આપવાની રહેશે.

પરિપત્ર નં :- ૩૪૪

યોજના/દિન વિશેષ/ઉજવણી/19-20
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.13/01/2020

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ:-

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્ય અને ઉ.માં. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned by CamScanner

# જાન્યુઆરી માસ

| તારીખ | વાર | દિન વિશેષ |
|---|---|---|
| 12 જાન્યુઆરી | રવિવાર | સ્વામી વિવેકાનંદ જયંતી-રાષ્ટ્રીય યુવા દિન |
| 15 જાન્યુઆરી | બુધવાર | ભારતીય સેના દિવસ |
| 23 જાન્યુઆરી | ગુરૂવાર | નેતાજી સુભાક્ષચંદ્ર બોઝ જન્મજયંતી |
| 26 જાન્યુઆરી | રવિવાર | પ્રજાસત્તાક દિન |
| 30 જાન્યુઆરી | શુક્રવાર | શહીદ દિન / મહાત્મા ગાંધી નિર્વાણ દિન |

Scanned by CamScanner